ગાંધીનગર સમાચાર
તા. ૧-૨-૨૦૧૨, શુક્રવાર

તંત્રી સ્થાનેથી.....

કલાકારોને અભિવ્યક્તિની સ્વતંત્રતા કબૂલ; સામે એમણે પણ લક્ષ્મણરેખા ન ઓળંગવી જોઇએ

દક્ષિણ ભારતના વતની હોવા છતાં 'એક દૂજે કે લિએ'થી શરૂ કરી 'ચાચી' જેવી વિશિષ્ટ ફિલ્મો દ્વારા હિંદી ફિલ્મ જગતમાં પણ ડંકો વગાડનાર કલાધર્મી અભિનેતા કમલ હાસનની મહત્ત્વાકાંક્ષી ફિલ્મ 'વિશ્વરૂપમ'ની સામે તમિલનાડુમાં લદાયેલાં પ્રતિબંધ સલમાન રશદી અને બંગાળી લેખિકા તસલીમા નસરીનના કિસ્સાની યાદ અપાવે છે. રાજકારણ અને સાંપ્રદાયિકતાની મિલીભગત જેવી આ બાબત આપણી ઉદાર લોકશાહીમાં વાણી સ્વાતંત્ર્ય અને ધાર્મિક સ્વાતંત્ર્ય જેવા મુદ્દાઓ પરત્વે સૌનું ધ્યાન ખેંચે એવી ઘટના છે. કુરાનનું પઠન કરનાર આતંકવાદી કૃત્ય સાથે સંકળાય એ વાત ધર્મગુરૂઓને ભલે કઠતી હોય પરંતુ ધર્મના નામે દેશ અને દુનિયામાં લોહીની નદીઓ વહેતી રહી છે, એ મુદ્દે ભાગ્યે જ કોઇ અસહમત થઇ શકશે. લેખકો અને કલાકારો સમાજનું યથાર્થ ચિત્ર રજૂ કરી આવાં અનિષ્ટો વિરૂધ્ધ અંગુલી નિર્દેશ કરી અટકી જતા હોય છે. જો કલાકારને એટલી બધી છૂટ ન હોય તો સ્વતંત્રતાનો શો અર્થ? ઝારશાહીમાં વિચારકો અને સર્જકોને દેશવટો દેવામાં આવતો ત્યારે સ્વિટ્ઝર્લેન્ડ જેવાં ઉદારવાદી રાષ્ટ્રો આવા કમનસીબ સર્જકોને માનભેર આશ્રય આપતાં. 'લોલિતા' જેવી વિવાદાસ્પદ રશિયન નવલકથાના લેખક વ્હાદિમીર નોબોવસ્કી એનું જાજરમાન ઉદાહરણ છે. કમલ હાસને એની મહત્ત્વાકાંક્ષી ફિલ્મ પાછળ આખી જિંદગીની કમાણી હોમી દીધી છે. ઘર પણ ગીરવે મુકી દીધું છે. મોટા ગજાનો કલાકાર જયારે મોટા બજેટની કલાકૃતિ બનાવવાનું બીડું ઝડપે છે ત્યારે એને કદરદાન પ્રેક્ષકો ઉમળકા ભેર પ્રતિસાદ પાઠવશે એવી શ્રધ્ધા હોય છે. કમલ હાસનની ફિલ્મ સામે વાંધાવચકા પાડીને કે પડાવીને તથા કથિન ધાર્મિક અગ્રણીઓ કે રાજનેતાઓએ કલાનું ગળું ટૂંપવાનું જ પાપ કર્યું છે. તમિલનાડુની હાઇકોર્ટમાંથી સ્ટે ઊઠી ગયા પછી પણ સરકારે મદ્રાસ હાઇકોર્ટની ડબલ બેન્ચના સ્ટે અન્વયે ફિલ્મ રિલીઝ ન થવા દીધી તેમાં રાજય સરકારની મેલી મુરાદ છતી થાય છે. કોઇ જાહેર કાર્યક્રમમાં મંચ પરથી કમલ હાસને ચિદમ્બરમ્‌ની કરેલી પ્રશંસા એને નડી રહી હોય એવું અનુમાન પણ કરાઇ રહ્યું છે. કમલ હાસને ચિત્રકાર એમ.એફ.હુસેનની જેમ દેશ છોડી જવા સુધીની ચીમકી આપી છે. એમાં દેવાળિયા થઇ જવાની દહેશત અનુભવતા ફિલ્મ નિર્માતાની નબળી માનસિકતા જરૂર વંચાય, પરંતુ આ દેશ એના કલાકારોને જીરવી શકતો નથી, એમનું માન કે અદબ જાળવી શકતો નથી, એવો એક સંદેશ પણ જશે. કેન્દ્ર સરકારે સાનુકૂળ વલણ અપનાવ્યું છે અને ફિલ્મજગતની નામાંકિત હસ્તીઓએ કમલ હાસનનાં પડખે ઊભા રહી 'કલાકાર ધર્મ' બજાવ્યો છે તે આવકારદાયક બાબતો છે. સામે પક્ષે છેલ્લે તો કમલ હાસને મુસ્લિમ સંગઠનોને વાંધાજનક લાગતાં દૃશ્યોમાં કાપકૂપ કરવાની ફ્લેકિસીબિલીટી પણ બતાવી છે. પ્રશ્ન એ થાય છે કે કટ્ટરતાવાદીઓની લાગણીને માન આપી ફિલ્મ સેન્ટર બોર્ડ દ્વારા પાસ થેયલી સ્ક્રિપ્ટમાં કાપકૂપ કરવાની મજબૂરી એ શું કલાનું અપમાન નથી?

જે. એમ. ચૌધરી હાઇસ્કૂલ કબડ્ડીમાં પ્રથમ

ગાંધીનગર, તા. ૩૧

જે.એમ.ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીઓની કબડ્ડીની ટીમ અન્ડર-૧૬ જિલ્લા કક્ષા ખેલકુંભમાં પ્રથમ નંબર મેળવ્યો છે. જેથી શાળાનું અને જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. આચાર્ય સંતોકબેન ચૌધરીએ સર્વ ખેલાડીઓને અભિનંદન આપ્યા હતા.

વિશિષ્ટ અધ્યયન પરિસંવાદ યોજાયો

ગાંધીનગર, તા. ૩૧

એમ.બી. પટેલ રાષ્ટ્રભાષા આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજમાં વિશિષ્ટ અધ્યયન પરિસંવાદનું એક દિવસનો યોજાયો હતો. જેમાં ૨૧ અધ્યાપકો અને ૧૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આર્ટ્સ એન્ડ કોમર્સના અધ્યાપકોએ એક જ મંચ પરથી વિવિધ વિષયોના પત્રો વાંચ્યા હતા. આચાર્ય શ્રી યોગેશભાઇ રાજગોર, સંસ્થાના વડા વાસુદેવભાઇ પટેલ, રાજેન્દ્રભાઇ પટેલ, નરેન્દ્રભાઇ જોશીએ માર્ગદર્શન આપ્યું હતું.

સ્કૂલ ઑફ ઍચિવરે ઑલિમ્પિકનો ત્રીજો સ્પોર્ટર્સ ડે યોજ્યો

ગાંધીનગર, તા. ૩૧

સ્કૂલ ઑફ ઍચિવરે ઑલિમ્પિકનો ત્રીજો સ્પોર્ટર્સ ડે હર્ષોલ્લાસ ભર્યા વાતાવરણમાં યાજયો હતો.

મેનેજિંગ ટ્રસ્ટી પ્રજ્ઞેશ પટેલે ઓલિમ્પિક ધ્વજ વંદન કરાવીને સ્પોટર્સ ડેને ખુલ્લો મુક્યો હતો. ચેરમેન વિનોદ પટેલે મશાલ પ્રગટાવી હતી. વિદ્યાર્થીઓ વિવિધ કાર્યક્રમો યોજાયા હતો. વિવિધ રમતોની સ્પર્ધાઓ યોજાઇ હતી.

દરેક ઇવેન્ટમાં વિજેતાઓ ઇનામો તથા પ્રમાણપત્રો સન્માનિત કરાયા હતા. સંચાલન દિલીપભાઇ લિંબાચીયા તથા પલ્લવીબેને કર્યું હતું. ડૉ. ગાર્ગી પટેલે સુવિધા આપી હતી.

ચૈતન્ય સ્કૂલનો રમતોત્સવ સંપન્ન વાલીગણ પણ સિન્ડ્રેલા રેસમાં જોડાયા

ગાંધીનગર, તા. ૩૧

ચૈતન્ય સ્કૂલ લેકાવાડા ગાંધીનગર ખાતે તાજેતરમાં શાળાનો વાર્ષિક રમતોત્સવ ઉજવવામાં આવ્યો હતો. રમતોત્સવમાં બલુન રેસ, કેપ રેસ, શૂ-રેસ, ૧૦૦ મી. દોડ, લીંબુ ચમચી, ગોળાફેંક, કોથળા દોડ, હડલ્સ રેસ, ટપ્પા દોડ, લાંબી કૂદ, ખો-ખો જેવી રમતો યોજાઈ હતી. જેમાં શાળાના બાળકોએ રસપૂર્વક ભાગ લઈ પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર મેળવી મેડલ તથા સર્ટિફિકેટ મેળવ્યા હતા.

શાળાના વિશાળ મેદાનમાં અમદાવાદ નેચરલ લવર એસોસિએશનના ફાઉન્ડર ડાયરેક્ટર મધુ મેનનના મુખ્ય મહેમાન પદે કાર્યક્રમનો શુભારંભ થયો હતો. માહી, નર્મદા, સાબરમતી અને તાપી હાઉસ દ્વારા માર્ચ પાસ પરેડ રજૂ કરવામાં આવી હતી. ચારેય હાઉસના કેપ્ટન દ્વારા મશાલ પ્રગટાવવામાં આવી હતી. ત્યારબાદ સ્પોર્ટસ ક્વીઝનું આયોજન કરવામાં આવ્યું હતું. ચૈતન્ય જુનિયર તેમજ ચારેય હાઉસ દ્વારા આકર્ષક ફેન્સી ડ્રીલ રજૂ કરવામાં આવી હતી. ચૈતન્ય જુનિયર દ્વારા બલુન રેસ, કેપરેસ, સૂ-રેસનું આયોજન કરવામાં આવ્યું હતું તથા ચૈતન્ય સ્કૂલ, લેકાવાડાના પ્રાથમિક વિભાગ દ્વારા ૧૦૦મી રેસ, લીંબુ ચમચી, ગોળાફેંક, કોથળા દોડ, હડલ્સ રેસ, ટપ્પા દોડ, લાંબી કૂદ, ખો-ખો જેવી રમતો યોજવામાં આવી હતી. વિજેતા વિદ્યાર્થીઓને પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ પ્રમાણે મેડલ તથા સર્ટિફિકેટ આપીને અભિવાદન કરવામાં આવ્યું હતું. વાલીઓ માટે સિન્ડ્રેલા રેસનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. જેમાં વાલીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. શાળા તરફથી ચેમ્પિયન ટ્રોફી, બેસ્ટ હાઉસ ટ્રોફી, બેસ્ટ માર્ચ પાસ ટ્રોફી જાહેર કરવામાં આવી હતી. વિજેતા તરીકે માહી હાઉસને બેસ્ટ હાઉસની ટ્રોફી અને સ્પોર્ટસ ચેમ્પિયન ટ્રોફી ધોરણ-૮માં ભણતા સોહમ ભટ્ટે જીતી હતી. કાર્યક્રમમાં શાળાના ડાયરેક્ટર ઈલિઝાબેથ કોશી, ડિપ્યુટી ડાયરેક્ટર નલિની સુબ્બારાવ તેમજ વાલીગણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આચાર્ય પ્રિતા પિલ્લાઈ તેમજ શાળાના શિક્ષકો, વ્યાયામ શિક્ષક જિજ્ઞેશ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. શાળાના ડાયરેક્ટર ઈલિઝાબેથ કોશી તથા આચાર્યાએ કાર્યક્રમની સફળતા માટે શાળા પરિવારને અભિનંદન પાઠવ્યા હતા.

સિદ્ધાર્થ લૉ કોલેજના અનિલસિંહ વાઘેલાની એ.બી.વી.પી.ના પ્રમુખ પદે

ગાંધીનગર, તા.૩૧

સિદ્ધાર્થી લો કોલેજ ગાંધીનગરના વિદ્યાર્થી અનિલસિંહ અમરસિંહ વાઘેલા (લેકાવાડા)ની સિદ્ધાર્થી લો કોલેજ ગાંધીનગરના અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના પ્રમુખ તરીકે વરણી થયેલ છે. તે બદલ કોલેજ પરિવાર તરફથી તેમને અભિનંદન પાઠવેલ છે.

કલ્પતરૂ વેલ્ફેર ટ્રસ્ટ દ્વારા શાળા આરોગ્ય કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૩૧

કલ્પતરૂ વેલ્ફેર ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા સંચાલિત કલ્પ સેવા આરોગ્ય કેન્દ્ર અને શ્રી ગજાનન સેવા સમિતી દ્વારા ૯ શાળાના ૨૧૨૦ બાળકોને દવા આપી હતી. ચકાસ્યા હતા. કૉલવડા, ખેડબ્રહ્માની પારસ વિદ્યાલય, આશ્રમ શાળા, હિમતપુરા તથા ભિલોડા તાલુકાની શાળાઓને આવરી લીધી હતી. કલ્પતરૂના બારેયાની દોરવણી હેઠળ જનભાગીદારીનું કામ હાથ ધરવામાં આવ્યું હતું. ડૉ. કૃષ્ણાનંદ ચીતાણીયા, ડૉ. જયંત તરૂ, ડૉ. સુવીણાબેન, ડૉ. બળદેવભાઈ, ડૉ. બોઘાણીએ સેવા આપી હતી.

ગજાનન સેવા સમિતિ દ્વારા બાળકોને ચીકી, બોલપેન, પેન્સિલનું વિતરણ કરેલ હતું, મિલિન્દ્ર પ્રગુપ્તે, વિલેશ મોરે, ગોપાલભાઈ સાથે હતા. ભીલોડા તાલુકાના ખેરાડીનાં સુપરવાઈઝરે આભાર માન્યો હતો.

સ્વામીનારાયણ શિશુ વિદ્યાલયનું ખેલ મહાકુંભમાં ગૌરવ

રમત પ્રશિક્ષણ કેન્દ્ર ખાતે જિલ્લા કક્ષાની ખેલ મહાકુંભ સ્પર્ધા યોજાઈ હતી. પ્રસન્ન વિશાલ થોરાટ (૩૦ કિલો ગ્રામ) ઋતુશ્રી વિશાલ થોરાત (૪૬ કિલો) વજનમાં કુસ્તી સ્પર્ધામાં જિલ્લામાં દ્વિતીય સ્થાન મેળવીને શાળાનું ગૌરવ વધાર્યું હતું. આચાર્ય ચીનુભાઈ પટેલ તથા શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

ઈજનેરી અને સ્થાપત્ય ફેકલ્ટીના તેજસ્વી તારલાઓનું સન્માન યોજાશે

ગાંધીનગર, તા.૩૧

એ.સી.આ. ગાંધીનગર દ્વારા ઈજનેરી અને સ્થાપત્ય ફેકલ્ટીના જે હોંશિયાર અને તેજસ્વી વિદ્યાર્થીઓ છે તેવા દરેકનું જાહેરમાં સન્માન કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. વર્ષ ૨૦૧૧ અને ૨૦૧૨ માં જે વિદ્યાર્થીઓ ઈજનેરી, સ્થાપત્ય વિભાગના ડીગ્રી, ડિપ્લોમા કોર્ષમાં છેલ્લા સેમેસ્ટરમાં ઉત્તીર્ણ થયા છે અને ગ્રેજયુએશનની ડીગ્રી પ્રાપ્ત કરી છે તેવા વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવશે. આ બાબતે વિદ્યાર્થીએ પોતાની વિગતો સંસ્થાના સેક્રેટરીને મોકલવાની રહેશે. એસોસીએશન ઓફ સિનીયર એન્જીનિયર્સ એન્ડ આર્કિટેકટસ (એસીઆ) ગાંધીનગર, ઈજનેરી અને સ્થાપત્ય ફેકલ્ટીના તેજસ્વી વિદ્યાર્થીઓનું જાહેર સન્માન કરવા માંગે છે.

મે-૨૦૧૦માં આવા તેજસ્વી વિદ્યાર્થીઓનું કેશ પ્રાઈઝ, પ્રમાણપત્ર તથા એવોર્ડ વગેરેથી જાહેર સન્માન કરેલ હતું. ચાલુ વર્ષપણ ૨૦૧૧ તથા ૨૦૧૨ના વર્ષમાં જે વિદ્યાર્થીઓએ કોઈ પણ એન્જીનીયરીંગ ફેકલ્ટી અને સ્થાપત્ય વિભાગના આર્કિટેકચર, ટાઉન પ્લાનીંગ, લેન્ડ સ્કેપીંગ તથા ઈન્ટીરીયર ડેકોરેશનમાં ડિગ્રી કે ડિપ્લોમાંના છેલ્લા સેમીસ્ટર અથવા ફાઈનલ ઈયર પાસ કરી ગ્રેજયુએશન મેળવ્યું હોય અને ગાંધીનગરમાં રહેતા હોય તેમણે તેમની માર્કશીટ, સર્ટીફીકેટ બે પાસપોર્ટ સાઈઝના ફોટા, નામ-સરનામું, ફોન-મોબાઈલ નંબર વગેરે સાથેની અરજી સંસ્થાના સેક્રેટરી હરેશ ભટ્ટને પ્લોટ નં. ૩૪૬/૨, સે-૭-એ ગાંધીનગર ખાતે તા. ૧૫ માર્ચ ૨૦૧૩ સુધીમાં પહોંચાડવા જણાવાયું છે. આ અંગેની વધુ માહિતી માટે મોબાઈલ નં. ૯૮૨૫૩ ૮૭૦૭૮ ઉપર હરેશ ભટ્ટનો સંપર્ક કરવો.

ગાંધી નિર્વાણ દિને ટાઉનહોલ ખાતે 'સ્વાતંત્ર્ય ગાંધી ગીત પ્રભાત' કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૩૧

ગાંધી નિર્વાણદિન તથા શહિદ સ્મૃતિ દિન નિમિત્તે શહેરના ટાઉનહોલ ખાતે આજે ઝવેરચંદ મેઘાણી રચિત સંપાદિત 'સ્વાતંત્ર્ય ગાંધી ગીત પ્રભાત કાર્યક્રમનું આયોજન ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી તેમજ ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાના સહયોગથી કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં શહેરના ગાંધીવાદી અને સાહિત્ય રસિકો ઉપસ્થિત રહ્યા હતા.

ટાઉનહોલ ખાતે યોજાયેલા રાષ્ટ્રપિતા અને શહિદોને મૌનાંજલી તથા સ્વરાંજલી કાર્યક્રમની શરૂઆત ગાંધીજીના પ્રિય ભજન 'વૈષ્ણવ વજન તો તેણે રે કહીએ જે પીડ પરાઈ જાણે રે' થી કરી હતી. તેમજ હોલમાં ઉપસ્થિત સૌ વ્યક્તિઓએ સવારના ૧૧.૦૦ વાગે બે મિનિટનું મૌન પાડી શ્રદ્ધાંજલિ અર્પી હતી. તેમજ ઝવેરચંદ મેઘાણી રચિત શૌર્ય ગીતોમાં શિવાજીનું હાલરડુ, તારા નામમાં ઓ સ્વતંત્રતા, સાવજ ગાજે, મન મોર બની થનગનાટ કરે, કસુંબીનો રંગ, જેવા શૌર્ય ગીતો ગૌરવ પુરસ્કાર અભેસિંહ રાઠોડ અને મીનાબેન પટેલે રજુ કર્યા હતા. આ ગીતોને હોલમાં ઉપસ્થિત લોકોએ મન ભરીને માણ્યા હતા.

આ પ્રસંગે સંગીત નાટક અકાદમીના સચિવ પ્રદિપ આઝાદ, ઝવેરચંદ મેઘાણીના પૌત્ર પિનાકીન મેઘાણી અને તેમના માતૃશ્રી કુસુમબેન મેઘાણી સહિત શહેરના સાહિત્યપ્રેમી અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગર શહેરના સેક્ટર-૮માં આવેલી સરકારી પ્રાથમિક શાળામાં ૨૬મી જાન્યુઆરી-૨૦૧૩ના રોજ ૬૪મા પ્રજાસત્તાક દિનની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. શાળાના એસ.એસ.સી.ના અધ્યક્ષ અગરાજી ઠાકોરના વરદ હસ્તે ધ્વજવંદન વિધિ કરવામાં આવી હતી. શાળાના ધોરણ-૧ થી ૮ના વિદ્યાર્થીઓએ આ પ્રસંગે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરી હાજર વાલીઓ તથા મહેમાનોને મંત્ર મુગ્ધ કર્યા હતા. શાળાના ૧૬ વિદ્યાર્થીઓએ દેશભક્તિ ગીત અભિનય સાતે રજૂ કર્યું હતું. મેયર મહેન્દ્રસિંહ રાણા દ્વારા રૂ. ૫૦૧ નું રોકડ ઈનામ આપવામાં આવ્યું હતું.

'શિવરંજની'માં સૂરોનાં સરતાજોએ લહેરાવ્યો ભક્તિરસનો ભગવો...!!

ઊઘડતે પડદે
- સંજય થોરાત

૨૬મી જાન્યુઆરીએ દેશભક્તિના ગીતો સાંભળી વિરરસથી સિંચાયેલાં શ્રોતાઓ રચનામાં ઓર્ગન, તબલા, પખવાજ, મંજિરા, ટીલરૂબાનાં સૂરોમાંથી જેને તેને પોતાનાં ઈષ્ટદેવ અને એનાં દર્શન થવાં લાગે અને જાણે એમજ લાગે તો ધુન તો આપણાં ભગવાન માટે જ બનાવી છે, ટાઉનહૉલની અંદરની સમૂહમાં આપણે સ્વતંત્ર ભગવાનના જોડે એકરસ થઈ ગયાની અનુભૂતિએ ભક્તિરસનું ટયુનીંગ માત્ર પ્રથમ પાંચ મિનિટમાંથી જ મળી ગયું...

નાના બાળકોથી લઈ વૃધ્ધો સુધી સૌને પસંદ પડે એવો આ ભક્તિરસને શિવરંજનીનો ૪થો કાર્યક્રમ છે એવું કહી મમતા રાવલે સૌનું સ્વાગત કર્યું. ટાઉનહોલનો ખૂણે ખૂણે જેમનાં મધુરા અવાજથી સુપરિચિત છે એવા દિમી દેસાઈ અને સંગીત જેમનો પર્યાય બની છે એવાં અમીત ઠક્કરનો વિષેશ પરિચય કરાવી આવનારાં ત્રણ કલાક અમારે આંખોમાં ઈશ્વરની પ્રતિમા અને કાનમાં સુમધુર ભક્તિમય ગીતોથી તરબોળ થશો તો સાત્વિક આનંદનાં મોઘામૂલાં ગીફ્ટની સાથે વિદાય થસો એવો ભાવાર્થ મમતા રાવલનો મધુરી વાણીમાંથી... છલકાતો હતો...

'અમે તારાં નામની ને અલખનાં રે ધામની, ધુણી રે ધખાવી બેલી અમે તારાં નામની' દિમી દેસાઈએ આરતીનો ઘંટારવ થાયને ભક્તો લીન થાય એમજ સૌને ભક્તિરસનો ઘૂંટો મરાવી મોજમાં લાવી દીધાં, ટીલરૂબા અને ઓર્ગન સાથે તબલાનાં ઠેકા પર જે પ્રમાણે ધમાકેદાર શરૂઆત કરાવી એનાં પરથી લાગ્યું કે આવતીકાલને સવારે આકાશવાણી પરનો ભક્તિપ્રભાત કાર્યક્રમ સાંભળવાની જરૂર નહીં પડે...

આદ્યગુરૂ શંકરાચાર્યનાં સ્મરણથી શિવપંચાક્ષર, સ્ત્રોતની ભાવવાહી રજૂઆતથી શ્રાવણનાં સોમવારની પ્રતિતિ થઈ ગઈ. તબલાં પર ડમરૂં વગાડી દેવાધીદેવ મહાદેવનો સાક્ષાત્કાર થયો અનુભવાયો... શબ્દની આંગળી પકડીને સ્ટેજ પર બિરાજેલાં તેજસ મજમુદારે એમનાં અલગ અંદાજમાં ભગવતીકુમાર શર્માની વાત આકાશનો અવેજ, પૃથ્વીનો વિકલ્પ છું, સ્પર્શો તો કયાંક નથી, કલ્પો તો બધેય છું ની વાતથી પ્રભુ અત્ર-તત્ર-સર્વત્ર છેની ચોટદાર વાત સાથે નરસિંહ મહેતાની રચના સાથે આવેલાં હસમુખ પાટડીયાએ ભજનનો તંતુ સાધ્યો...

'રામસભામાં અમે રમવાને ગ્યાં તો પસલી ભરી રસ પીધો રે...' ખરજનાં અવાજમાં લલકારી એમની ગાયકીનો અંદાજ આપી દીધો, અમીટ ઠક્કરે સંગત આપતાં વાયોલીન પર સુર રેલાવી ધ્યાનને પ્રભુ ભક્તિમાં લીન કરાવી દીધું. આસુરી શક્તિ સામે લડવા તો માં જગદંબાનાં શરણે જવું પડે, અંબાજી એ હૃદયપીઠ છે, અસુરોના મર્દન માટેની ભક્તિ રચના પ્રહર વોરાએ ગાઈ, 'રક્ષા કરો જગદંબા ભવાની, નિશદિન હું તો રહું અંબા અંબા' અમદાવાદનાં આ યુવા ગાયકે એનાં અવાજની એક અનોખો ચાહક વર્ગ ઉભો કર્યો છે...

૩-૪ કલાકની પૂજા કરી ઊભાં થઈને અમે મેલાંઘેલાં બાળકને જોઇ તિરસ્કાર આવે તો સમજવું કે આપણી પૂજામાં કંઈક ખોટ છે. 'મંઝિલને ઢુંઢવા દિશા કપરી જવું પડે, જૂનું વતન છોડી નવી નગરી જવું પડે, શ્રીરામે જમાડવા શબરી થવું પડે ને ની બદલાની અપેક્ષા વગર સેવા જો કરે તો પત્થરનાં દેવનેય પ્રગટ થવું પડે' જેવો મસ્ત શેર તેજસ મજમુદારે સંભળાવી દાદ મેળવી લીધી...

આધ્યાત્મિક મોતી સમાન ભજન અને આજનાં શિવરંજનીનાં કાર્યક્રમનું ટાઈટલ એવું 'પાયોજી મૈને રામ રતન ધન પાયો' ભજન દિમી દેસાઈએ પેશ કર્યું, આ ભજનની મજા એ છે કે વિષ્ણુ દિગંબર પલુસકર, ભીમસેન જોષી, લતા મંગેશકર જેવાં દિગ્ગજોએ ગાયેલું છે અને દરેકની ગાયકીમાંથી અલગ જ સ્વાદ માણવા મળે છે... દીપીએ માત્ર ભાવથી ગાયું જ નહીં પણ પ્રેક્ષકો સાથે સંકિર્તન કરાવ્યું...

સ્તંભ વિના આખું આકાશ લટકાવ્યું, ચંદ્ર - સૂરજ તારાનાં તોરણીયા લટકાવ્યાં એવાં ઈશ્વરનાં સાક્ષાત્કાર - પ્રાગટ્યનાં પુરાવા આજનાં વિજ્ઞાન-ટેકનોલોજીના યુગમાં લોકો માગતાં થયાં છે, પણ યોગ્ય ભક્તિનો સાથ મળે આનાથી ઉપર ઉઠી જવાય જેવી માર્મિક વાત તેજસ મજમુદારે કહે અને દિમી દેસાઈ મીરાંનું પદ રજૂ કરે, 'મોહે લાગી લગન ગુરૂ શરનન કી, આજ મોરે ઘર આયે રબનવાં' માં સુર આલાપી તબલાનાં કલાસિકલ ટચ સાથે સરગમની સુરાવલીઓ છેડી એમનાં ગાયકીનો નવો આયામ બતાવી દીધો, આજ ગીતમાં હસમુખ પાટડીયાએ પર સુર પુરાવતાં શાસ્ત્રીય ગીતની જાણે કે બંને વચ્ચે તંદુરસ્તી હરિફાઈ જામી હોય એમ જ લાગ્યું. ભારતનાં દિગ્ગજ શાસ્ત્રીય ગાયકોનાં પડછાયા જેવાં આ બંને કલાકારોને પ્રેક્ષકોએ અવિરત તાળીઓથી વધાવી લીધા...

કબીરનાં દોહરાની બે લાઈનો, 'પ્રેમ, પ્રેમ સબકોઈ કરે, પ્રેમનાં જાને કોઈ, ઢાઈ અક્ષર પ્રેમકા પઢે સો પંડિત હોઈ'ને ટાંકીને હસમુખ પાટડીયાએ 'મને લાગો મેરા યાર ફકીરી મેં' સૂફીના ટોનમાં બંદગીની આઝાદ પોકારી છવાઈ ગયા... ઈશ્વર સમાન કોઈ સર્જન નથી, માણસ તો છે વચેટીયો, દૂરથી જોઉં તો ઊંચો પહાડ જેવો ને, પાસે જઉં તો લાગે ચ્હેતીયો જેવી કટાક્ષ સાથે પ્રહર વોરાએ 'લીલુડી ધરતી'નું ગીત 'હરિ હળવે હળવે હંકારે મારૂં ગાડું ભરેલ ભારે' જેવાં ભારે ગીતને હળવાશથી ગાયું...

૩૩ કરોડ દેવી દેવતામાં મૈત્રીમાં કૃષ્ણ એ પહેલી પસંદગી છે, ગમે તે કહેવાય અને ગમે તે મંગાય એનાં સાક્ષાત્કારની અનુભૂતિ પણ થાય એવાં કૃષ્ણનું સુરદાસજીનું પદ 'તુમ મોરી રાખો લાજ હરિ' દિમી દેસાઈએ માત્ર ઑર્ગનનાં સથવારે ગાયું પણ સતત જગજીતસિંહનું ગાયેલું આજ ભજન બૅક ઑફ ધ માઈન્ડ વાગતું હોય એવો સતત ભાસ થતો હતો... કૃષ્ણ ભજનની પાછળ જ રામજીનું 'ઠુમક ચલત રામચંદ્ર, બાજત પૈજનીયાં' તુલસીદાસનું ભજન ગાઈને રામજીનાં બચપણનાં દૃશ્યો ઉજાગર કરી દીધાં...

વિવિધ કાળનાં વિવિધ પ્રસિધ્ધ કવિઓની રચનાનાં નવા મોડ પર કવિ ઉશનસ્‌ની રચના પ્રહર વોરાએ 'મન માને તબ આન્યો માધો,' જેવાં નવાં સગાં ગીત પર અમીત ઠક્કરે એમની આંગળીઓનો કમાલ દેખાડતાં કી-બોર્ડ પર કમાલની સુરાવલીઓ છેડી પ્રશંસા મેળવી લીધી... હસમુક પાટડીયાએ, ''ઓધાજી, એમ મારા વ્હાલાંને વઢીને કહેજો, માને તો મનાવી લેજો રે, તબલાંની સંગતને અવાજની આદ્રતાથી ભજનથી ભક્તિમય કેમ થવાય છે, એનો મસ્ત દાખલો આપ્યો... નવી રચનાનો સીલસીલો જાળવતાં 'સુંદરમ્' ની રચના ને અમિત ઠક્કરનાં સ્વરાંકને દિમી દેસાઈએ ગાયું, ઢુંઢ ઢુંઢ ઢુંઢતા હો ગઈ રસીયા, રો રો કર મોરી થક ગઈ અખિયાં'' જેવી અઘરી કંપોજીશન પણ શિવરંજનીનાં પ્રેક્ષકો પચાવી ગયાં...

લોક સાહિત્યનાં રંગ સમાન ગંગા સતીનું 'વિજળીના ચમકારો મોતિડા પરોવો પાનબાઈ, અચાનક અંધારા થાશે' દિમી દેસાઈએ ગાયું તો છારોડીનાં સ્વામિનારાયણ સંપ્રદાયનાં કવિવર સાધુ માધવપ્રિય દાસની રચનાં 'નેના દરસ બિના તરસે, પિયરા તાસે દામિની દમકત, યામીની સરકત, બાદલ ઝરઝર બરસ' ને ગજબનાં સંગીતને હસમુખ પાટડીયાનો કસાયેલો ચરણો સુધી પહોંચવાનો માર્ગ બની ગઈ...

ભક્તિમાં રસતરબોળ કરનારાં સાજીંદાઓ તબલાં પર ઋષિત સરૈયા, શિશિર ભટ્ટ, ઢોલક, દિપેશ ત્રિવેદી મંજીરા અને હસમુખ ચાવડા દિલરૂબા પર સંગત કરતાં હતાં એમાં પ્રહર વોરાએ મારાં રૂડિયાનાં બે મંજીરા એક જૂનાગઢનો મેહતો અને બીજો મેવાડની મીરાં' અને અંતમાં ભૈરવીનાં નંદકુમાર અષ્ટકમની રંગીન રજૂઆત થઈ અને સાથે સાથે સવાર સુધી ગણગણાતાં રહીએ એવી ધુન હે ગોપાલ રાધે, કૃષ્ણ ગોવિંદ ગોવિંદની ધુન સંકિર્તન ચાલ્યું, પ્રેક્ષકો તાળીઓથી ધુન ગાતાં હતાં અને કોરસમાં ગવાતી આ ધુને ભક્તિરસથી પ્રેક્ષકોને તરબોળ કરી દીધાં. અંતમાં શંખ ફૂંકીને એનાં નાદ ધ્વનિથી વાતાવરણમાં ભક્તિરસનો ભગવો લહેરાઈ ગયો... શિવરંજનીની સમગ્ર ટીમ અભિનંદનને પાત્ર છે. સંપૂર્ણ સાત્વિક અને કસાયેલું વૃંદ લાવી. એનાં તાલે રાતને ભક્તિમય બનાવી દીધી... રાતનો ચઢેલો ભક્તિનો નશો સવાર સુધી યથાવત રહ્યો એમાં ગાયકો અને વાંચકોનો ભક્તિભાવથી કરેલી રજૂઆત જ કામ કરી ગઈ...

ભક્તિમાર્ગની ઉજ્જવળ પરંપરામાં આદિ કવિઓથી આધુનિક કવિઓની ભક્તિરસનાં ઝુમખાંથી લચી પડેલી રચનાઓનાં સ્વાદમાં શ્રોતાઓ મધમીઠાં થયાં